ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ચોમાસાના પ્રારંભે જ પ્રથમ તબક્કામાં સાડા ૬ ઈંચ વરસાદ

## આજે દિવસ દરમિયાન તડકી છાયડી વચ્ચે આકાશમાં વરસાદી વાદળોની અવરજવર : ગરમીનો પારો ૫ ડીગ્રી ઉપર આવ્યો : વાદળિયા અને ભેજવાળા વાતાવરણથી જન આરોગ્ય પર વિપરિત અસર

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલા બે દિવસથી વરસાદી નઝારો નિખર્યો છે. જયારે બુધવારની મોડી સાંજે મેઘરાજાના તોફાની આગમન બાદ શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ પણ વરસી રહ્યો છે. જેના લીધે સેકટરોમાં સતત ભીંજારાનો માહોલ જોવા મળે છે. ગઈકાલે પણ ઝરમરિયા વરસાદથી સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડી હતી. આજે દિવસ દરમિયાન મોટાભાગે આકાશમાં વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા પરંતુ વરસાદ વરસ્યો ન હતો. જયારે દિવસે ઉઘાડ પણ નિકળ્યો હતો. આ સ્થિતિ વચ્ચે ગરમીનો પારો પણ ૫ ડીગ્રી ઉપર આવ્યો હતો. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે પણ ૯ ડીગ્રીનો જ તફાવત જોવા મળ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૬૦ મી મી વરસાદ નોંધાયો છે.



ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પણ અષાઢી નઝારો જોવા મળ્યો હતો અચાનક સર્જાતા વાદળિયા વાતાવરણના લીધે કમોસમી વરસાદથી શહેરમાં આગ ઓકતી ગરમી ટાંણે પણ અનેકવાર વરસાદે હાજરી પુરાવી જનજીવનને પ્રભાવિત કર્યુ હતુ જયારે આ વખતે ચોમાસાની શરૂઆત પણ તોફાની રહી છે. બુધવારની મોડી સાંજે ગાજવીજ સાથે મેઘરાજાનુ તોફાની આગમન થતા શહેર આખુ વરસાદી પાણીમાં ઘમરોળાયુ હતુ જયારે બે કલાકમાં ચાર ઈંચ વરસાદ વરસ્યા બાદ બીજા દિવસે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા યથાવત રહ્યા હતા. જયારે આજે વરસાદી વાતાવરણ વચ્ચે દિવસે તડકો નિકળ્યો હતો. જો કે ધોધમાર વરસાદના અંતે પણ નગરજનો ઉકળાટ અનુભવી રહ્યા છે. ત્યારે આજે મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૫ ડીગ્રી નીચે ઉતર્યો હતો જયારે લઘુત્તમ તાપમાન ૧ ડીગ્રી ગગડયુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૯ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. બીજીતરફ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૮૫ થી ૯૫ ટકા રહેતા નગરજનો વરસાદી મોસમમાં અસહ્ય ઉકળાટ પણ અનુભવી

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા દ્વારા આર્થિક નબળા વર્ગ માટે ૨૬૬૫ નવા આવાસો બાંધવાનુ કામ શરૂ

## વાસણા હડમતિયા, સરગાસણ, વાવોલ વિસ્તારમાં નવા આવાસો સંદર્ભે જુલાઇ મહીનામાં ફોર્મનુ વિતરણ પણ શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અત્યાર સુધી આર્થિક રીતે નબળા તેમજ મધ્યમવર્ગના પરિવારો માટે ૫ હજારથી વધુ આવાસો તૈયાર કરાયા છે. જયારે સરગાસણ, રાયસણ, કુડાસણ સહીતના વિસ્તારમાં સ્થિત આ આવાસ યોજનામાં હાલ લાભાર્થીઓનો વસવાટ છે. આ ઉપરાંત હાલ ગુડા દ્વારા વાસણા હડમતિયા, સરગાસણ અને વાવોલ વિસ્તારમાં ઈકોનોમિક વિકસ સેકશનને ધ્યાનમાં રાખી નવા ૨૬૬૫ જેટલા નવા મકાનો બાંધવાનુ કામ શરૂ કરાયુ છે. જયારે આ આવાસોની યોજના અન્વયે જુલાઈ મહીનામાં ફોર્મ વિતરણની કામગીરી પણ શરૂ કરી દેવાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં નવા આવાસો બાંધવાનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ, ચિલોડા અને અડાલજમાં નવા આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે દાયકા પુર્વે પુર્ણ કરાયેલી આ આવાસ યોજનામાં હાલ રહીશોનો વસવાટ છે. તો બીજીતરફ આ આવાસોની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાયા છે. ત્યારબાદ આવાસ યોજના અન્વયે જરૂરિયાતમંદ વ્યકિતઓને માથે પાકી છત મળે તે માટે નવા આવાસો બાંધવાની કામગીરી સંદર્ભે સતત આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગરમાં સમાવિષ્ટ કુડાસણ, સરગાસણ, પેથાપુર, વાવોલ રાયસણ, અડાલજ અને ચિલોડા સહીતના વિસ્તારમાં વિવિધ કેટેગરીને ધ્યાનમાં રાખી આવાસોનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. કુડાસણ અને સરગાસણમાં પણ ગુડાના આવાસોમાં લાભાર્થીઓનો વસવાટ જોવા મળે છે. જયારે સુવિધાયુકત આવાસોના નિર્માણની સાથે હવે ગુડાએ આકરી શરતોનુ પણ યોગ્ય પાલન થાય તે માટે નિયમોમાં જરૂરી ફેરફાર કર્યા છે. જે મુજબ દસ્તાવેજના એક દાયકા સુધી આવાસનુ વેચાણ નહીં કરી શકાય તેમજ આવાસ ભાડે આપવાના કીસ્સામાં પણ આકરી દંડ વસુલી કરવામાં આવે છે. જયારે ગુડા દ્વારા આર્થિક રીતે નબળા પરિવારો માટે હજુ નવા આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ઈકોનોમિક વિકર સેકશનને અનુલક્ષીને વાસણા હડમતિયા વિસ્તારમાં ૧૩૫૨, ટીપી-૯ સરગાસણ વિસ્તારમાં ૬૨૪ અને વાવોલમાં ૬૮૯ આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે. જયારે કુલ ૨૬૬૫ આવાસો બાંધવાની આ યોજના અન્વયે કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે લાભાર્થીઓને આવાસ ફાળવવા માટે જુલાઈ

● અનુસંધાન પાન-૭ પર

# લવારપુર પંચાયતને સુપરસીડ કરવાના અભિપ્રાય મુદ્દે ભાજપના મતભેદો બહાર આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર તાલુકાની લવારપુર ગ્રામ પંચાયતને સુપરસીડ કરવા માટે વિકાસ કમિશનરે જિલ્લા પંચાયતના માગેલા અભિપ્રાયને લઈ ભાજપના મતભેદો આજે સપાટી પર આવી ગયા હતા.

૪૦ મિનિટ કરતાં વધુ સમય સુધી આ મુદ્દો મુલ્તવી રાખવો જોઈએ તો પ્રમુખ દિલીપ પટેલે પંચાયતધારાની જોગવાઈઓ મુજબ વિકાસ કમિશનર પગલાં લે તેવી ભલામણ કરવાના મુદ્દે ભાજપના સભ્યોમાં મડાગાંઠ પડી હતી.

બે વખત સભ્યોને કેટલાક સભ્યોએ મને-કમને હાથ ઊંચા કરી મુલ્તવી રાખવામાં આવે તેવી સ્થિતિનું નિર્માણ કર્યુ હતુ. એક તબક્કે તંત્રએ આ અંગે સભ્યોને સહિ કરી અભિપ્રાય આપવા જણાવ્યુ હતુ.

જોકે આ બેઠકમાં હાજર રહેલા ભાજપના ધારાસભ્યોએ મૌન ધારણ કર્યુ હતુ. અધિકારીઓએ તેમને પરિસ્થિતિની જાણકારી આપી હતી. લવારપુર ગ્રામ પંચાયતનું બજેટ ત્રણવાર ના મંજૂર થયા પછી આગળની કાર્યવાહી કરવા વિકાસ કમિશનરને દરખાસ્ત મોકલવામાં આવી છે. પંચાયતની મહિલા સદસ્યોના પતિદેવો આ બેઠકમાં આગ્રહી બન્યા હતા કે મુદ્દો મોકુફ રાખવામાં આવે. ભાજપની આ ભાંજગડનો કોંગ્રેસે મૌન ધારણ કરી આબાદ લાભ ઉઠાવ્યો હતો. કોંગીના અજીતસિંહ અને રશ્મિનજીએ સચિવશ્રીનો શુ અભિપ્રાય છે તે સભાને માર્ગદર્શન આપે તેવો સૂર વ્યક્ત કરી પ્રમુખના અભિગમને સ્વીકારવા કહ્યુ હતુ. જોકે ભાજપની આંતરિક ભાંજગડ વચ્ચે પ્રમુખે કહ્યુ હતુ કે ડી.ડી.ઓ.એ તેમનો અભિપ્રાય દરખાસ્ત સાથે મોકલી આપ્યો છે હવે આજની સામાન્ય સભાનો અભિપ્રાય માગ્યો છે અને તે આપવો જોઈએ. લાંબી ભાંજગડને અંતે આ મુદ્દો સ્થગિત કરવામાં આવ્યો હતો અને સભાનું કામકાજ પૂર્ણ થયેલુ જાહેર કરાયુ હતુ.ભાજપની આંતરિક જૂથબંધી આજે સામાન્ય સભામાં સ્પષ્ટ તરી આવી હતી.

# વળતર યોજનાના અંતિમ દિવસે ૧ કરોડથી વધુ વેરો ભરાયો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મનપાએ આજે મિલ્કતવેરાની વળતર યોજનાના અંતિમ દિવસે રૂ. એક કરોડ ૩૨ લાખથી વધુની આવક મેળવી હતી. છેલ્લા દિવસે ૧૦૮૦ મિલ્કતધારકોએ મિલ્કત વેરો ભર્યો હતો.

મનપામાં આ વખતે મિલ્કતવેરાની આવક રૂ. ૪૦ કરોડને પાર કરી ગઈ છે. મિલ્કતવેરાના કુલ માગણાની સામે ૫૦ ટકા જેટલી આવક વળતર યોજનાના લાભ સાથે થઈ છે.

મનપામાં આ વખતે પણ એક લાખ જેટલા મિલ્કતધારકોએ મિલ્કતવેરો ભર્યો નથી. હવે આ મિલ્કતધારકોને અલગ તારવી અને આગામી દિવસોમાં નોટીસો પાઠવવામાં આવશે.

મિલ્કતવેરામાં ગત વર્ષની તુલનામાં આવક પણ વધી છે તેમજ મિલ્કતવેરો ભરનાર મિલ્કતધારકોની સંખ્યામાં પણ વધારો થયો છે.

ગત વર્ષે ૧-૪-૨૨ થી ૩૦-૬-૨૨ સુધીમાં મિલ્કતવેરાની આવક ૩૨ કરોડ થઈ હતી અને ૬૯,૬૦૬ જેટલા મિલ્કતધારકોએ મનપાની વળતર યોજનાનો લાભ લીધો હતો.

આ વર્ષે ૧-૪-૨૩ થી ૩૦-૬-૨૩ સુધીમાં મિલ્કતવેરાની આવક રૂ. ૪૦ કરોડ ૨૩ લાખથી વધુ થઈ છે અને ૭૬,૫૫૫ મિલ્કતધારકોએ મનપાની વળતર યોજનાનો લાભ લીધો છે.

મિલ્કતવેરો ડિજીટલ પેમેન્ટ થકી ૪૦ ટકા મિલ્કતધારકોએ ભર્યો છે. વારંવાર સોફ્ટવેર

● અનુસંધાન પાન-૭ પર

# ટામેટા બાદ ડુંગળીના ભાવો વધ્યા, ૪ દિવસમાં ૨૫ ટકાનો ભાવ વધારો

ગાંધીનગર, તા. ૩૦

ટામેટામાં લાલચોળ તેજી બાદ ડુંગળી હવે ગૃહિણીઓને રડાવવા તૈયાર થઈ ગઈ છે. ડુંગળીના ભાવો છેલ્લા ત્રણ-ચાર દિવસમાં જ ૨૫ ટકા જેટલા વધી જતાં હવે ટામેટાની સાથોસાથ ડુંગળી પણ ભોજનની થાળીમાંથી ગાયબ થઈ જશે એવુ લાગી રહ્યુ છે.

રસોઈમાં અને ભોજનમાં સલાડ તરીકે અનિવાર્ય ગણાતા ટામેટાના ભાવો ૧૦૦ રૂ.ની ઉપર પહોંચી ગયા છે. ટામેટાના ભાવો આસમાને પહોંચતા ગૃહિણીઓએ ભોજન બનાવવામાં ટામેટાનો ઉપયોગ સાવ ઓછો કરી દીધો છે. જયારે સલાડમાંથી ટામેટાંની બાદબાકી થઈ ગઈ છે. ટામેટાની જેમ જ ભોજનની તમામ સામગ્રી બનાવવા અત્યંત ઉપયોગી ગણાતી ડુંગળીના ભાવો પણ ટૂંક સમયમાં આસમાને પહોંચે એવું લાગી રહ્યુ છે.

ડુંગળીના ભાવો જે રીતે સતત વધી રહ્યા છે તે જોતા આગામી દિવસોમાં ડુંગળીના ભાવ પણ ટામેટાની જેમ જ દઝાડી શકે છે. હજુ ચાર દિવસ પહેલાં જ ૧૫ રૂ. કિલોના ભાવે વેચાતી ડુંગળી હવે ૨૫ થી ૩૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહી છે. આ રીતે ડુંગળી પણ છેલ્લા ૪ દિવસમાં ૧૫ રૂ. કરતાં વધુ મોંઘી થઈ ગઈ છે. ડુંગળીના જથ્થાબંધ ભાવોમાં ૨૫ ટકાનો વધારો જોવા

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતની સામાન્ય સભામાં કોંગ્રેસે આક્રમકતા બતાવી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં કોંગ્રેસના સભ્યોએ ભ્રષ્ટ્રાચાર અને ઉદાસીનતા સામે આક્ષેપોનો મારો ચલાવી તંત્ર તેમજ ભાજપને ભીંસમાં લેવાની એક પણ તક જતી કરી ન હતી.

ગત સામાન્ય સભામાં રજુ થયેલા બજેટને સર્વાનુમતે મંજૂરી અપાયા પછી બહુમતિથી મંજૂર કરવાના કરાયેલા ઉલ્લેખને લઈ કોંગીના અજીતસિંહ રાઠોડે વાંધો

## પ્રશ્નોત્તરીમાં કોંગ્રેસે આક્રમકતા બતાવી ભ્રષ્ટ્રાચાર અને બદલીઓની રાજનીતિ મુદ્દે ઘેરવામાં સફળ : જિલ્લામાં ૭૭ તલાટી ત્રણ-છ વર્ષ સુધી એક જ સ્થળે ફરજ બજાવે છે : જોબ નંબર માર્ગો માટે મળ્યા પછી બે વર્ષને અંતે પણ એલ્ટીમેટ તૈયાર ન કરવા પાછળના કારણો શું : અજીતસિંહ

નોંધાવ્યો હતો. તેમણે કહ્યુ કે ઉપપ્રમુખે રજુ કરેલી સુધારા દરખાસ્તને પ્રમુખે સ્વીકૃત્તિ આપી ન હતી અને છતાંય સર્વાનુમતેને બદલે બહુમતિથી બજેટને મંજૂરી અપાઈ તેમ કહેવું યોગ્ય નથી.

આ પછી પ્રશ્નોત્તરી દરમ્યાન તલાટીઓ ત્રણ વર્ષથી એકના એક સેજામાં કેટલાં ફરજો બજાવે છે તેવા તેમના પ્રશ્નના ઉત્તરમાં પંચાયત પ્રમુખે ૭૭ તટાલી ત્રણ કે છ વર્ષથી એક જ સેજામાં ફરજો બજાવતા હોવાનું જણાવ્યુ હતુ.

અજીતસિંહે તલાટીઓની બદલીના મુદ્દે રોકડમાં વ્યવહારો થયાનો આક્ષેપ કરતાં જણાવ્યુ હતુ કે છ દિવસમાં જ બદલી કરાઈ છે જ્યારે છ-છ વર્ષ સુધી એક જ જગ્યાએ ફરજો બજાવતા અને કોઈપણ પ્રકારની ભલામણ ન કરાવનારને આ સજા કેમ ? સરકારનો નિયમ ત્રણ વર્ષે બદલી કરવાનો છે તેનો કેમ અમલ થયો નથી. એ જ બતાવે છે કે આમાં કંઈક ખોટુ થયુ છે.

અજીતસિંહની આક્રમકતા સામે ભાજપના કલ્પેશ પટેલે જણાવ્યુ હતુ કે રહેવાદો, કોંગ્રેસવાળાઓ તમે તો હાજર થતાં પહેલાં બીજી બદલીના આદેશો કર્યા છે. એ બધુ ભુલી ના જાઓ.

રજુઆતો, તકલીફો અને બીજી બાબતોને ધ્યાને રાખી બદલીના હુકમો તંત્રએ કર્યા છે.

આ મુદ્દે થોડીક આક્રમકતા

● અનુસંધાન પાન-૭ પર

## કારોબારી ચેરમેન સહિત ૪ સભ્યો ગેરહાજર રહ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં કારાબોરી સમિતિના ચેરમેન અનિલ પટેલ સહિત ૪ સભ્યો ગેરહાજર રહ્યા હતા. કારોબારી સમિતિના ચેરમેન અનિલભાઈ પટેલના પિતાની નાદુરસ્ત તબિયતને લઈ હોસ્પિટલમાં દાખલ કરાયા હોવાથી હાજર રહ્યા ન હતા. આજે પંચાયતમાં ૨૭ સભ્યોમાંથી ૨૩ સભ્યો હાજર હતા. ૧ સભ્યનું અવસાન થયુ હોવાથી બેઠક ખાલી છે.

**Gujarat State Petronet Limited**
Corporate Identity Number : L40200GJ1998SGC035188
**Reg. Off.:** GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, **Tel.:** +91-79-23268500/ 66701001 **Fax:** +91-79-23268506, **Website:** www.gspcgroup.com, **E-mail:** investors.gspl@gspc.in

**NOTICE**
**(For the attention of Equity Shareholders of the Company)**
**Transfer of the Equity Shares of the Company to Investor Education and Protection Fund (IEPF) Authority**

This Notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016 ("the Rules").

The Rules, amongst other matters, contain provisions for transfer of all Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF) Demat Account.

Adhering to the various requirements set out in the Rules, the Company has communicated individually the concerned Shareholders whose Shares are liable to be transferred to IEPF Demat Account in respect of the Dividends declared by the Company for the FY 2015 – 16 for taking appropriate action(s). The list of concerned Shareholders is also available on the Company's website viz. **www.gspcgroup.com** under Investor Section.

In case the Company does not receive any communication from the concerned Shareholders for claim of Dividend on or before 3rd October, 2023, the Company shall, with a view to complying with the requirements set out in the Rules, transfer the Shares to the IEPF Demat Account by the due date as per procedure stipulated in the Rules without any further Notice to the Shareholder. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

For shares held in physical mode, kindly send a request to the Registrar and Transfer Agent of the Company, KFIN Technologies Limited with duly filled Investor Request Forms along with supporting documents including original cancelled cheque to update your e-mail address and bank account details. For Demat holders, kindly contact your DP (Depository Participant) and register your e-mail address and bank account details in your Demat account, as per the process advised by your DP.

The concerned Shareholder(s) holding Shares in physical form and whose Shares are liable to be transferred to the IEPF Authority, may note that upon transfer of Shares to IEPF Authority, the original Share Certificate(s) which are registered in their name will stand automatically cancelled and be deemed non-negotiable. In case Shares are held in demat form, to the extent of Shares liable to be transferred, shall be debited from the Shareholders account.

The Shareholders may further note that, both the unclaimed Dividend and the Shares transferred to IEPF, if any, can be claimed back by them from IEPF Authority after following procedure prescribed by the Rules.

In case you have any queries or need any assistance may contact any of the following addresses:

| | |
|---|---|
| **Gujarat State Petronet Limited**<br>**Smt. Rajeshwari Sharma**<br>Corporate Office:<br>GSPL Bhavan, E-18, GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector-26, Gandhinagar-382028, Gujarat, India<br>Tel: 079-23268500/600<br>Email: investors.gspl@gspc.in<br>Website www.gspcgroup.com | **KFIN Technologies Limited**<br>**Mr. Suresh Babu D.**<br>Unit: Gujarat State Petronet Limited<br>Selenium Tower B, Plot Nos. 31 & 32<br>Financial District Nanakramguda,<br>Serilingampally Mandal,<br>Hyderabad – 500032, India<br>Ph: + 91 40 6716 1518<br>Toll Free No.: 1800-3094-001<br>Email: einward.ris@kfintech.com<br>Website: www.kfintech.com |

**For Gujarat State Petronet Limited**
**sd/-**
**Rajeshwari Sharma**
**Company Secretary**

**Place: Gandhinagar**
**Date: 30th June, 2023**

# કલોલને વિકાસ કામોમાં થતા અન્યાય સામે રશ્મિનજી ઠાકોરે રોષ વ્યક્ત કર્યો

## મનરેગાના અમલીકરણમાં તંત્રની ઉદાસીનતા સાંખી શકાય નહિ : અજીતસિંહ

ગાંધીનગર, તા. ૩૦

કલોલ તાલુકાને રેતી કાંકરીની ગ્રાન્ટ તેમજ વિસ્તાર વિકાસની ગ્રાન્ટના અમલીકરણમાં ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાનો આક્ષેપ વિપક્ષના નેતા અને કોંગી સભ્ય રશ્મિનજી ઠાકોરે કર્યો હતો.

સ્વભંડોળમાંથી ફાળવવામાં આવતી રકમના કામો સુવિધા ધરાવતા ગ્રામ્ય વિસ્તારમાં ફાળવવામાં આવે છે અને તે પણ ચાર કે પાંચ ગામમાં જ બાકીના અંતરિયાળ ગામોને આ રકમ મળતી નથી અને કામો થતા નથી.

કોંગી નેતા રશ્મિનજીના આ આક્ષેપને લઈ કલ્પેશ પટેલ, દિનેશજી ઠાકોરે વિરોધ કર્યો હતો અને આક્ષેપો પાયા વિહોળા હોવાનું જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે કલોલ તાલુકા પંચાયતમાં ભાજપના ચૂંટાયેલા સભ્યોને તમે ગ્રાન્ટ ફાળવો છો ? એ વિસ્તારમાં કામોને મંજૂરી આપો છો ? પહેલાં તે મુદ્દા ઉકેલો પછી અહિ રજુઆત કરજો.

રશ્મિનજીએ પણ વળતો પ્રહાર કરતાં કહ્યુ હતુ કે તમે જઈ આવો અને ગામની યાદી આપજો કે તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી કયા ગામમાં કામ થયા નથી.

રશ્મિનજીએ રેતી કાંકરીની ગ્રાન્ટની ફાળવણીના નિયમો અંગે જાણકારી માગી હતી તેમજ તે અંગેની માર્ગદર્શિકાનો અમલ તંત્ર દ્વારા થાય છે કે કેમ તે પણ જાણવા માગ્યુ હતુ.

તેમણે કહ્યુ કે કામો જે મંજૂર કરી કરવામાં આવ્યા છે તેમાં પણ ભ્રષ્ટ્રાચારની બદબૂ આવે છે. કામોમાં ગુણવત્તા જળવાઈ નથી. આડેધડ કામો કરાયા છે બોરીસણામાં વેરા વસુલાત સારી છે અને સુખી સંપન્ન પંચાયત છે પણ ખાખરિયા ટપ્પાના ગામોમાં કેમ ગ્રાન્ટ નથી ફળવાઈ.

● અનુસંધાન પાન-૭ પર

### બગીચાઓની રોનક નિખારવા

# ગુડા દ્વારા વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરાશે

## સરગાસણ, ચિલોડા અને કુડાસણમાં નવા બગીચા તૈયાર : ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા નવા રોપા ઉછેરવામાં આવશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેરની જેમ ગુડા વિસ્તારમાં પણ ગ્રીન કન્સેપ્ટને વેગ આપવા નવા ઉદ્યાનોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. ગુડા દ્વારા અત્યાર સુધી ૧૩ જેટલા નવા બગીચાઓ તૈયાર કરવામાં આવ્યા છે. જયારે હાલ પણ ૩ બગીચાની કામગીરી ચાલી રહી છે. બગીચાઓન અનુલક્ષી સિવિલ વર્ક પુર્ણ થઈ ગયુ છે. જયારે વરસાદી દિવસોને અનુલક્ષી નવા રોપાઓની વાવણી સાથે ઉદ્યાનમાં વધુ ગ્રીનરી નિખરે તે માટે હવે ટુંકમાં કામ હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે હાલ ગુડાનુ તંત્ર આર્થિક ભીંસમાં છે ત્યારે નવી આવક ઉભી કરવા કપાતની જમીનના અંતે ઉપલબ્ધ પ્લોટની હરાજી કરીને નવી આવક ઉભી કરવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુડા દ્વારા માળખાગત સુવિધાના કામોને વેગ આપવા નવી આવકના સ્ત્રોત ઉભા કરવાનુ પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં નવી આવાસ યોજના સહીત પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ સહીતના વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં વિવિધ કેટેગરીના લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ગુડાના વિવિધ ટીપી વિસ્તારમાં નવા બિલ્ડીંગો બાંધવા ઉપરાંત આમ નાગરિકોને યોગ્ય સુવિધા પુરી પાડવા વિવિધ પ્રકારના કામો હાથ ધરવામાં આવ્યા છે. ગુડા વિસ્તારમાં પણ ગાંધીનગરની જેમ હરિયાળી જાળવવા માટે ગ્રીન કન્સેપ્ટ અપનાવાયો છે. જેને અનુલક્ષીને ગુડાના વિવિધ વિસ્તારમાં અત્યાર સુધી ૧૩ જેટલા બગીચા બનાવાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હાલ ૩ નવા બગીચા તૈયાર કરવામાં આવી રહ્યા છે.

બગીચા નિર્માણની આ યોજના અન્વયે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે ગુડા દ્વારા હાલ ચિલોડા, સરગાસણ અને કુડાસણ વિસ્તારમાં અન્ય ત્રણ ઉદ્યાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે જયારે આ બગીચાઓનુ કામ પણ પુર્ણતાના આરે છે. અલબત્ત બગીચા નિર્માણની આ યોજના અન્વયે સિવિલ વર્ક પુર્ણ થઈ ગયુ છે જયારે હવે આ ઉદ્યાનોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવશે. વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓ ઉછેરવા માટે આયોજન કરાયુ છે. જેના અંતે બગીચાઓમાં હરિયાળીનો નઝારો નિખરશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff
TILE & STONE FIXING EXPERT
Birla White
THE WHITEST WHITE CEMENT
VINAYAK 500
ટી.એમ.ટી. સળીયા
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com